મહાપાલિકાની ચૂંટણી પૂર્વે ભાવનગરમાં રાજકીય ડ્રામા

## ભાજપના પૂર્વ મહિલા કોર્પો.બે કલાક કોંગ્રેસમાં 'આંટો' મારીને આવ્યાં

**વોર્ડ** નં.૩ના પૂર્વ કોર્પોરેટર સેજલબેન ગોહિલે કોંગ્રેસમાં જોડાઈને એવું કહ્યું હતું કે, પોતે ભાજપમાં અસુરક્ષિત

**પરત** ભાજપમાં ફરીને એવું કહ્યું કે, મને કોઈએ ભટકાવ્યાં હતાં, પણ મને મારી ભૂલ સમજાઈ ગઈ છે

ગાંધીનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ભાવનગર શહેરના રાજકીય વર્તુળોમાં આજે એક અજીબોગરીબ ઘટના બની હતી, જેમાં વોર્ડ નંબર-૩ના મહિલા કોર્પોરેટર સેજલબેન ગોહિલે માત્ર બે કલાકના ગાળામાં જ પક્ષપલટો કરીને ફરી ભાજપમાં વાપસી કરતા ચકચાર મચી ગઈ છે. આજે બપોરે સેજલબેન ગોહિલે અચાનક ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લીધો હતો.

કોંગ્રેસ દ્વારા આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં તેમના પક્ષ પ્રવેશની જાહેરાત કરવામાં આવી હતી, જ્યાં સેજલબેને ભાજપમાં પોતે અસુરક્ષિત હોવાનો ગંભીર આક્ષેપ કરી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો. જોકે, આ આશ્ચર્યજનક નિર્ણય લાંબો સમય ટક્યો નહીં અને માત્ર બે જ કલાકના ટૂંકા ગાળામાં સેજલબેન ગોહિલે ફરી પલટી મારી ભાજપમાં ઘરવાપસી કરી લીધી હતી.

પક્ષમાં પરત ફર્યા બાદ તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, “મને કોઈએ ભટકાવ્યા હતા, પરંતુ હવે મને મારી ભૂલ સમજાઈ ગઈ છે, તેથી હું ફરી મારા મૂળ પક્ષ ભાજપમાં પરત ફરી છું.” આ સમગ્ર ઘટનાએ શહેરના રાજકીય માહોલને ગરમાવી દીધો છે. બીજી તરફ, શહેર કોંગ્રેસ પ્રમુખ મનહરસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે, સેજલબેનને કોંગ્રેસમાં લાવવા માટે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપવામાં આવ્યું નહતું. તેમણે ઉમેર્યું હતું કે, ભાજપમાં અસુરક્ષિતતા અનુભવીને જ સેજલબેને કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લીધો હતો.

માત્ર બે કલાકમાં થયેલા આ પક્ષપલટાએ ભાવનગરના રાજકારણમાં નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે ૧૨૦ મિનિટમાં ખેલાયેલા આ રાજકીય ખેલને કારણે ભાવનગરના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણી પૂર્વે આ પ્રકારે થયેલા પક્ષપલટા અને ત્વરિત ઘરવાપસીએ મતદારોમાં અને કાર્યકરોમાં અનેક તર્ક-વિતર્ક જગાવ્યા છે, જેની અસર આગામી મતદાન પર કેવી પડશે તે જોવું રસપ્રદ રહેશે.

## સુરતના ગામડાઓમાં લીગલ એઈડ ક્લિનિક શરૂ કરાયા

**જિલ્લા** કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ૩૯ ક્લિનિકને ૪૧૯ ગામડાઓમાં આવરી લેવાયાં

સુરતઃ નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીની અનુશ્રામાં ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ, ન્યાયમૂર્તિ એ. વાય. કોગ્ને, ન્યાયમૂર્તિ એ.એસ. સુપૈયા તથા મુખ્ય ન્યાયાધિશ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન રાહુલ ત્રિવેદીનાં વડપણ હેઠળ નાલસાની જાગૃતિ સ્કીમ અન્વયે સુરત જિલ્લાના અંતરિયાળ તાલુકાઓના ગામડાઓમાં વસતા જરૂરયાતમંદ લોકોને ઘર આંગણે ન્યાય મળી રહે અને જે તે તાલુકાની લીગલ સમિતિનો સંપર્ક કરવા સરળતા રહે તે માટે તાલુકાઓના તમામ ગામડાઓના કલસ્ટર બનાવી કુલ-૩૯ નવા લીગલ એઈડ કલિનિક શરૂ કરી કુલ-૪૧૯ ગામડાઓને કલિનિક હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

જેમાં ચોર્યાસી તાલુકામાં મોરા, કવાસ મોરા, દામકા(મોરા), દેવાઢ, દેલાવડા, વેડછા, સણિયા કણદે, કપલેથા, બારડોલી તાલુકાના તેન, સુરાલી, કડોદ, બાબેન, કઠોર તાલુકાના કામરેજ, નવી પારડી, વાવ, પલસાણા તાલુકાના કારેલી, એના, ચલથાણ, માંડવી તાલુકાના દેવગઢ, ઘંટોલી, માંગરોલ તાલુકાના સીમોદરા, નાની નરોલી, આંકડોદ, કોસંબા, પાલોદ, વેલાછા, વાંકલ, લવેટ, ઝંખવાવ, મહુવા તાલુકાના ઉમર, શેખપુર, ઓલપાડ તાલુકાના સાયણ, મોર, અટોદરા, ઓલપાડ, ઉમરપાડા તાલુકાના ઉમરપાડા, વાડી, ખોટારામપુરા ખાતે કલસ્ટર મુજબના ગામડાઓને આવરી લેતા લીગલ એઈડ કલિનિક શરૂ કરવામાં આવી છે તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ડી.આર.જોષીએ જણાવ્યું હતું.

ટ્રેનોમાં પાણીની અછત અંગેની ફરિયાદોનો કાયમી ઉકેલ આવશે

## ટ્રેનોમાં પાણી ભરવાની પ્રક્રિયા પર 15 હાઈટેક કેમેરાની નજર

**સ્ટેશન** પર આધુનિક 'વોટર મોનિટરિંગ સિસ્ટમ' અંતર્ગત પ્લેટફોર્મ નજીક 15 હાઇ-રિઝોલ્યુશન કેમેરા મુકાયા

**આ** કેમેરા ટ્રેનના કોચમાં પાણી ભરવાની સમગ્ર પ્રક્રિયાનું 24 કલાક જીવંત નિરીક્ષણ કરશે



### સુરત બાદ અન્ય મોટા સ્ટેશન પર અમલમાં મુકાશે

રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડવી તેમની પ્રાથમિકતા છે. સુરત સ્ટેશન પર પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરાયેલી આ 'સ્માર્ટ મોનિટરિંગ સિસ્ટમ' સફળ સાબિત થાય તો પશ્ચિમ રેલવેના અન્ય મોટા સ્ટેશનો પર પણ આવું જ મોડેલ અમલમાં મુકવામાં આવશે.

સુરત : સુરત રેલ્વે સ્ટેશન પર હવે ટ્રેનોમાં પાણીની અછત અંગેની ફરિયાદોનો કાયમી ઉકેલ આવવાનો છે. પશ્ચિમ રેલવે દ્વારા સ્ટેશન પર આધુનિક 'વોટર મોનિટરિંગ સિસ્ટમ' અમલમાં મુકવામાં આવી છે, જેના અંતર્ગત પ્લેટફોર્મ નજીક કુલ 15 હાઈ-રિઝોલ્યુશન કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. આ કેમેરા ટ્રેનના કોચમાં પાણી ભરવાની સમગ્ર પ્રક્રિયાનું 24 કલાક જીવંત નિરીક્ષણ કરશે.

અગાઉ મુસાફરો દ્વારા વારંવાર એવી ફરિયાદો સામે આવતી હતી કે લાંબા અંતરની ટ્રેનોમાં પાણી પૂરતું ભરાતું નથી. ક્યારેક પાઈપ ન જોડાવા અથવા બેદરકારીના કારણે કોચમાં પાણી અધૂરું રહેતું, જેના કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડતો. હવે નવી ટેક્નોલોજીથી આવી બેદરકારી પર લગામ લાગશે અને કર્મચારીઓ તથા કોન્ટ્રાક્ટરોની જવાબદારી સ્પષ્ટ થશે. નવી સિસ્ટમ હેઠળ લગાવવામાં આવેલા કેમેરા સીધા ટ્રેનના વોટર પોઈન્ટ અને પાઈપલાઈન પર ફોકસ રાખશે. તેમાં નાઈટ વિઝન ટેક્નોલોજી પણ સામેલ છે, જેના કારણે રાત્રિના સમયમાં પણ સ્પષ્ટ દેખરેખ રાખી શકાશે. કંટ્રોલ રૂમમાં બેઠેલા અધિકારીઓ રિયલ-ટાઈમ ફૂટેજ દ્વારા દેખરેખ રાખશે અને જો કોઈ કોચમાં પાણી ભરવાનું બાકી રહી જાય તો તાત્કાલિક સૂચના આપી કાર્યવાહી પૂર્ણ કરાવશે. આ સિવાય, પાણીનો બગાડ અટકાવવા પણ આ સિસ્ટમ મહત્વપૂર્ણ સાબિત થશે.

ઘણીવાર લીકેજ અથવા પાઈપ ખુલ્લી રહી જવાથી હજારો લીટર પાણી બગડે છે, જે હવે કેમેરાની મદદથી તરત જ પકડી શકાય છે અને મેન્ટેનન્સ ટીમ તાત્કાલિક પગલાં લઈ શકે છે. રેલવે તંત્રના જણાવ્યા મુજબ, આ કેમેરા સુરક્ષા દૃષ્ટિએ પણ ઉપયોગી રહેશે. પ્લેટફોર્મ આસપાસની શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર પણ નજર રાખી શકાશે, જેના કારણે સુરક્ષા અને પારદર્શિતામાં વધારો થશે.

## સુરત RTOને ફરી એક વખત બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**સુરત** પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG), બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ અઢી કલાક સર્ચ હાથ ધર્યું

**ગુજરાતી** અંગ્રેજી ભાષામાં કચેરી ખૂલતા જ મેલ આવ્યો હતો



### આ વર્ષે ત્રીજી વખત બોમ્બ મુકાયાનો મેલ

શહેર ચાલુ વર્ષમાં ત્રીજી વખત બોમ્બ મૂક્યોનો મેઇલ આવ્યો છે. જાન્યુઆરી 2026માં સુરત જિલ્લા અદાલતમાં બોમ્બ મૂક્યાની ધમકી ભર્યો ફોન આવ્યો હતો.માર્ચ મહિનામાં ઉમરા પાસપોર્ટ ઓફિસ અને નાનપુરા પોસ્ટ ઓફિસમાં ધમકી ભર્યો મેઇલ આવ્યો હતો. જ્યારે આજે પાલ આરટીઓમાં ગુજરાતી અંગ્રેજી મિક્ષ ભાષામાં ધમકી ભર્યો મેઇલ આવ્યો હતો.

સુરતઃ અમદાવાદ અને રાજકોટ બાદ હવે સુરતની પાલ સ્થિત RTO કચેરીને ઈ-મેઈલ મારફતે મળેલી બોમ્બની ધમકીને પગલે સુરત પોલીસ અને સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ધમકી મળતા જ સમગ્ર RTO સંકુલને ખાલી કરાવી લોખંડી પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

અમદાવાદ અને રાજકોટ બાદ હવે સુરતની પાલ સ્થિત RTO કચેરી અસામાજિક તત્વોના નિશાના પર આવી છે. આજે સોમવારે સવારે આરટીઓ કચેરી જ્યારે રાબેતા મુજબ ખુલી હતી ત્યાર લોકો આરટીઓ લગતા કામો માટે કચેરીએ પહોંચ્યા હતા. રવિવારની રજા ગઈ હોવાથી મોટા પ્રમાણમાં લોકો કચેરી હાજર હતા ત્યારે અજાણ્યા શખ્સ દ્વારા ગુજરાતી અને અંગ્રેજીમાં ઈ-મેઈલ મારફતે મળેલી બોમ્બની ધમકીને પગલે સુરત પોલીસ અને સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ ધમકીને ગંભીરતાથી લઈને સુરત પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG), બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ તાત્કાલિક અસરથી સમગ્ર RTO પરિસરને ઘેરી લીધું હતું. તકેદારીના ભાગરૂપે સંકુલને સંપૂર્ણપણે ખાલી કરાવી લેવામાં આવ્યું હતું, જેના કારણે ડ્રાઈવિંગ ટ્રેક ટેસ્ટ સહિતની તમામ વહીવટી કામગીરી અટકી ગઈ હતી અને કચેરીની બહાર લોખંડી બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા સમગ્ર સંકુલમાં અઢી કલાક ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે માહિતી આપતા અડાજણ પીઆઈએ જણાવ્યું હતું કે, સઘન તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની વાંધાજનક ચીજવસ્તુ કે સંદિગ્ધ બાબત જણાઈ આવી નથી, જેથી પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે અને લોકોએ ગભરાવાની જરૂર નથી. પોલીસ દ્વારા ટૂંક સમયમાં જ કચેરીની કામગીરી રાબેતા મુજબ શરૂ કરવા સૂચના આપી દેવાઈ છે. સાથે જ, આ પ્રકારની ધમકીઓ આપીને ભયનું વાતાવરણ ઊભું કરનારા તત્વોને શોધવા માટે સાયબર સેલની ટીમ સક્રિય થઈ ગઈ છે.

## રેલવે સ્ટેશન પરથી ૨ લાખનો ગાંજો ઝડપાયો

**SOG** અને NDPS ડેડિકેટેડ ટીમની કાર્યવાહી



સુરતઃ સુરત રેલવે SOG અને NDPS ડેડિકેટેડ ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પરથી એક ઈસમને રૂપિયા ૨.૦૨ની કિંમતના ૪.૦૪૯ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો પાડ્યો હતો.

સુરત રેલવે SOG ના પો.સ.ઈ. એચ.પી. રવિયાના માર્ગદર્શન હેઠળ ટીમ વોચમાં હતી. દરમિયાન પ્લેટફોર્મ નંબર-1 પર સ્પીડ પાર્સલ ઓફિસ ના ગેટ પાસેથી પસાર થતા એક શંકાસ્પદ ઈસમને અટકાવી તેની બેગની તલાશી લેતા બેગમાંથી 4 ગાંજો મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં પકડાયેલા શખ્સનું નામ 33 વર્ષીય સૌરી ઉર્ફે જીતુ સાહુ હોવાનું ખુલ્યું છે, જે મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાનો વતની છે. પોલીસે આરોપી પાસેથી ૨,૦૨,૪૫૦ની કિંમતનો ગાંજો, ૫,૦૦૦નો મોબાઈલ ફોન, રોકડ રકમ અને અન્ય દસ્તાવેજો મળી કુલ ૨,૦૭,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કામગીરીમાં સુરત રેલવે પોલીસ, SOG વડોદરા અને RPF ક્રાઈમ સુરતની ટીમો જોડાઈ હતી.

## ગુજરાતની ચાર ટ્રેન મુંબઈ સેન્ટ્રલ સુધી હવે નહીં દોડે

**મુંબઈ** સેન્ટ્રલના પ્લેટફોર્મ-5 પર કામ ને પગલે દાદર પર જ ઊભી રહી જશે

### પશ્ચિમ રેલવેની સત્તાવાર યાદી મુજબ આ ટ્રેનો હવે દાદર સુધી જશે

1) સૌરાષ્ટ્ર મેલ (22946): ઓખા થી મુંબઈ સેન્ટ્રલ જતી આ લોકપ્રિય ટ્રેન હવે થી દાદર સ્ટેશન પર જ પ્રવાસ પૂર્ણ કરશે. એટલે કે, આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલ સુધી નહીં જાય.
2) હઝરત નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ (22210): તારીખ 7 એપ્રિલ, 2026 થી શરૂ થનારી આ ટ્રેન દર બુધવાર અને રવિવારે મુંબઈ સેન્ટ્રલ ને બદલે દાદર સ્ટેશન પર પ્રવાસ પૂર્ણ કરશે.
3) કાનપુર અનવરગંજ-મુંબઈ સેન્ટ્રલ (09186): 6 એપ્રિલથી શરૂ થતી આ સ્પેશિયલ ટ્રેન દર મંગળવારે મુંબઈ સેન્ટ્રલ ના બદલે દાદર સુધી જ દોડશે.
4) કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ (09076): 9 એપ્રિલથી શરૂ થતી આ ટ્રેન દર શુક્રવારે દાદર સ્ટેશન પર ટૂંકાવી દેવામાં આવી છે.

સુરત : મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 5 પર રેલવે દ્વારા હાથ ધરવામાં આવનાર સંપૂર્ણ ટ્રેક નવીનીકરણ (CTR)ના કામને કારણે પશ્ચિમ રેલવેના ટ્રેન વ્યવહારને મોટી અસર પહોંચી છે. રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી 60 દિવસનો લાંબો બ્લોક જાહેર કરવામાં આવ્યો હોવાથી, મુંબઈ સેન્ટ્રલ સુધી જતી કેટલીક મહત્વની ટ્રેનો હવે દાદર સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવી છે. આ ફેરફારને પગલે સૌરાષ્ટ્ર અને ઉત્તર ભારત થી આવતા મુસાફરોએ હવે મુંબઈ સેન્ટ્રલ જવાને બદલે દાદર સ્ટેશન પર ઉતરવું પડશે.રેલવે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે પ્લેટફોર્મ પર ટ્રેક બદલવાનું કામ અત્યંત અનિવાર્ય હોવાથી આ બ્લોક લેવામાં આવ્યો છે. 60 દિવસ સુધી મુસાફરોએ દાદર ઉતરીને અન્ય લોકલ ટ્રેન કે સાધનો દ્વારા મુંબઈ સેન્ટ્રલ તરફ જવાનું રહેશે.

## કપાસની 11% આયાત ડ્યુટી યથાવત રાખવા માંગ

**ખેડૂતોના** હિતમાં નાણાંમંત્રીને રજૂઆત, ખેડૂતોને નુકસાન થશેઃ જયેશ દેલાડ

સુરત, બારડોલીઃ કપાસની આયાત પરની 11 ટકા ડ્યૂટી દૂર કરવાની ઉદ્યોગ જગતની માંગ વચ્ચે હવે ખેડૂતો તરફથી તેનો વિરોધ ઊઠ્યો છે. સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ કોટન યુનિયનના ડિરેક્ટર જયેશ એન. પટેલ (દેલાડ) દ્વારા નાણાંમંત્રી નિર્મલા સિતારામનને પત્ર લખી કપાસ પરની આયાત ડ્યૂટી યથાવત રાખવા નમ્ર વિનંતી કરવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે હાલમાં ક્રૂડ તેલના વધતા ભાવોને કારણે સિન્થેટિક ફાઈબર્સના ભાવોમાં વધારો થયો છે, જેના પરિણામે ગારમેન્ટ અને ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા કપાસની આયાત પરની 11 ટકા ડ્યૂટી દૂર કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. જો કે, આ નિર્ણયથી દેશના કપાસ ઉત્પાદક ખેડૂતોને ગંભીર આર્થિક નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભારત વિશ્વમાં કપાસ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવે છે. આવી સ્થિતિમાં જો કપાસની આયાત વેરામુક્ત કરવામાં આવશે તો વિદેશી કપાસ સસ્તા ભાવે ઉપલબ્ધ થશે, જેના કારણે સ્થાનિક બજારમાં ભાવ તૂટશે અને ખેડૂતોને સીધો ફટકો પડશે. આ સંદર્ભમાં કપાસ પરની આયાત ડ્યૂટી દૂર કરવાનો નિર્ણય ખેડૂતોના હિતને વિરુદ્ધ જઈ શકે છે.

જયેશ પટેલે જણાવ્યું હતું કે જો વેરામુક્ત કપાસની આયાત અટકાવવામાં નહીં આવે તો દેશના કપાસ પકવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ શકે છે. તેથી સરકાર ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપીને કપાસ પરની 11 ટકા આયાત ડ્યૂટી યથાવત રાખે તે જરૂરી છે. અંતમાં તેમણે નાણાંમંત્રીને ખેડૂતોના હિતમાં હકારાત્મક નિર્ણય લેવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

## દ.ગુ.માં 1.22 લાખ ગ્રાહકો એપથી વીજ વપરાશ ટ્રેક કરે છે

**દ.ગુ.માં** 12 લાખ સ્માર્ટ મીટર સ્થાપિત

સુરત : DGVCL દ્વારા સ્માર્ટ મીટર પ્રોજેક્ટ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ અત્યાર સુધીમાં 12 લાખથી વધુ સ્માર્ટ મીટર સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યારે આશરે 1.22 લાખ ગ્રાહકો સ્માર્ટ મીટર એપ મારફતે રોજિંદો વીજ વપરાશ નિહાળી રહ્યા છે.

આ પહેલથી વીજ વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક, ડિજિટલ અને ગ્રાહક-કેન્દ્રિત બની રહી છે. ગ્રાહકોને હવે રિયલ-ટાઈમમાં પોતાના વીજ વપરાશની માહિતી ઉપલબ્ધ થવાથી તેઓ પોતાના ઉપયોગ પર વધુ અસરકારક નિયંત્રણ રાખી શકે છે. પરિણામે ઊર્જા બચતને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. સાથે જ, ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા બિલિંગ પ્રક્રિયા વધુ ચોક્કસ અને વિશ્વસનીય બની છે, જે ગ્રાહકો માટે મહત્વપૂર્ણ પરિવર્તન સાબિત થઈ રહ્યું છે. કુલ લક્ષ્ય 42 લાખ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાનો છે. અત્યાર સુધીમાં 12 લાખથી વધુ મીટર લગાવાયા છે. દરરોજ 4000થી વધુ મીટર ઈન્સ્ટોલેશન થઈ રહ્યા છે. અને દરરોજ 2000થી વધુ નવા એપ યુઝર્સ જોડાઈ રહ્યા છે. સ્માર્ટ મીટર માટેની એપ સ્માર્ટ મીટર વીજ વપરાશને રિયલ-ટાઈમમાં રેકોર્ડ કરે છે અને તે ડેટા સીધો સર્વર પર અપડેટ થાય છે.

કલેક્ટરને રજૂઆત અને અવંતિકા સિંઘની મુલાકાતનો પડઘો પડ્યો

## સચિન GIDCના ઉદ્યોગોને PNG ગેસ સપ્લાય આપવા અધિકારીઓની તૈયારી

**ગુજરાત** ગેસ દ્વારા ઓન ધ સ્પોર્ટ ગેસ કમિશન મેળવવા માંગતા ઉદ્યોગકારોની અરજી સ્વીકારી લેવાઈ

સુરત : ગુજરાત ગેસ કંપનીના એમડી.અવંતિકા સિંઘની મુલાકાત પછી સચિન નોટીફાઈડ એરિયા ઓથોરીટી કચેરીએ ગુજરાત ગેસના અધિકારીઓ સાથે ઉદ્યોગકારો અને ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના શાસકોની પીએનજી કનેક્શન મુદ્દે બેઠક યોજાઈ હતી.

સચિન જીઆઈડીસી નોટીફાઈડ બોર્ડના ચેરમેન નિલેશ ગામી, સચિન ઈન્ડ કો.ઓ સોસાયટીના પ્રમુખ કિશોરભાઈ પટેલ, સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, યુદ્ધની સ્થિતિ વચ્ચે ગેસનો પુરવઠો ખોરવાયો છે, ત્યારે ઘરેલું વપરાશમાં લેવાતાં ગેસના સિલિન્ડર સહિત ઈન્ડસ્ટ્રીયલ ક્ષેત્રમાં વપરાતાં નાનાં-મોટાં ગેસના બોટલોની પણ તાતી અછત સર્જાઈ રહી છે. બીજી તરફ ઉદ્યોગ જગતમાં જ્યાં બળતણ માટે ગેસનો ઉપયોગ થતો હોય અને જેમને ત્યાં પીએનજી ગેસનું કનેક્શન નહીં હોય તેવાં ઉદ્યોગકારો રીતસરના અટવાઈ પડ્યાં છે. ઔદ્યોગિક ખાતા બંધ રહેતાં કામદારો પણ પલાયન થઈ જશે તેવી બીકે ઉદ્યોગકારોમાં ઉહાપોહ મચી જવા પામ્યો છે. અમુક ઉદ્યોગકારોએ છેલ્લાં એકાદ અઠવાડિયા દરમિયાન પોતાના યુનિટના સંચાલન માટે પીએનજી ગેસ કનેક્શન મેળવવા માટે ગુજરાત ગેસ કંપનીમાં અરજી કરી હતી પરંતુ તેનું યોગ્ય નિરાકરણ નહીં આવતાં સમગ્ર મામલો સચિન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સોસાયટીના ઉદ્યોગકાર-શાસકોએ કલેક્ટરને રજૂઆત કરી હતી. એ પછી ગુજરાત ગેસના MD અવંતિકા સિંઘ અને કલેક્ટરના આદેશ પછી તાબડતોબ ગુજરાત ગેસના અધિકારીઓ સાથે સચિન નોટીફાઈડ કચેરી ખાતે આજે મિટીંગ યોજી હતી જેમાં પીએનજી ગેસ કનેક્શન મેળવવા માંગતાં ઉદ્યોગકારોને પણ હાજર રખાયાં હતાં.

નોટીફાઈડ ચેરમેન નિલેશ ગામીની અધ્યક્ષતામાં સેક્રેટરી મયૂર ગોળવાલાએ મિટીંગ દરમિયાન ગુજરાત ગેસના અધિકારીઓ પૈકી ડેપ્યુટી મેનેજર અને તેમની ટીમ સાથે પીએનજી ગેસ મેળવવા માંગતાં ઉદ્યોગકારોને ગેસ કનેક્શન આપવા માટે રજૂઆત કરી હતી. અરજી કરનારા ઉદ્યોગકારોને પણ કરેલી અરજીની નકલ સાથે હાજર રખાયાં હોવાથી તંદુરસ્ત ચર્ચાના અંતે છેલ્લાં ત્રણ દિવસથી પીએનજી ગેસ કનેક્શન મેળવવા મુદ્દે ગૂંચવાયેલાં કોયડાને ઉકેલી કાઢી અરજીઓનો સ્થળ ઉપર જ નિકાલ કરી ગેસ કનેકશન મેળવવા માંગતાં ઉદ્યોગકારો ગેસ લાઈનનું કનેકશન મળી રહે તે માટેનો માર્ગ મોકળો કરી આપ્યો હતો.

આ બેઠકમાં રાજેષભાઈ ગોલ, ભરતભાઈ ત્રાપસિયા, અમરભાઈ, અલ્પેશભાઈ રામકૃપા, વિમલ લીંબાસીયા, હાર્દિક કાતરીયા, ડિરેક્ટર ભીખાભાઈ નાકરાણી સહિતના ઉદ્યોગકારો હાજર રહ્યાં હતાં. ગેસ લાઈન મેળવવા માટેનું ફોર્મ ભરી તેની સ્કેન કોપી ઈમેલ કરવાની રહેશે.

## ગુજરાતમાં ઈંધણ અને ખાતરનો પૂરતો પુરવઠો : IOC

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અસ્થિરતા વચ્ચે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સતત સંકલનમાં રહીને પેટ્રોલિયમ પેદાશો તેમજ અન્ય આવશ્યક વસ્તુઓના પુરવઠા પર બારીકાઈથી નજર રાખી રહી છે. આઈઓસી (IOC) ના નોડલ અધિકારી અને રાજ્યના પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સંયુક્ત રીતે ખાતરી આપી હતી કે રાજ્યમાં ઈંધણ કે ખાતરની કોઈ અછત નથી.રાજ્યમાં ૧૬ ડેપો, ૧૧ એલપીજી બોટલિંગ પ્લાન્ટ અને ૧૦૪૨ વિતરકો રાત-દિવસ કાર્યરત છે. સ્થાનિક લોકોને તંત્રએ અપીલ કરી છે કે અફવાઓ પર વિશ્વાસ ન કરે અને પોતાની જરૂરિયાત મુજબ જ પેટ્રોલ કે ડિઝલની ખરીદી કરે.

આઈઓસીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને નોડલ અધિકારી સંજીબ બેહરાએ જણાવ્યું હતું કે

પૂરતો જથ્થો ઉપલબ્ધઃ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી (LPG) નો પૂરતો સ્ટોક છે. નાગરિકોએ ખોટી અફવાઓથી દોરવાઈને 'પેનિક બાયિંગ' (ગભરાટમાં ખરીદી) કરવાની કોઈ જરૂર નથી.

## સિક્યુરિટી કોન્ટ્રાક્ટ મામલે મનપાના અધિકારીઓને હાઈકોર્ટની નોટિસ

સુરત : સુરત મહાનગર પાલિકામાં. ચીફ સિક્યુરિટી ઓફિસર જાગૃત નાયક સામે સિક્યુરિટી કોન્ટ્રાક્ટ ફાળવણીમાં ગડબડીના આક્ષેપો બાદ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. પાલિકાની મિલ્કતોની સુરક્ષા માટે હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયામાં ત્રણ એજન્સીઓને ડીસ્ક્વોલીફાઈડ કરતા આ ત્રણ એજન્સીઓ કોર્ટમાં ગઈ હતી, તેમજ મનપા દ્વારા હાઈકોર્ટના એડવોકેટ સાથે ચર્ચા-વિચારણા બાદ ડીસ્ક્વોલીફાઈડ થયેલી એજન્સીઓએ કરેલી પુર્તતાને ધ્યાને લઈને તાજેતરમાં સાત એજન્સીઓને વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા. જો કે ટેન્ડરમાં ભાગ લેનાર બે એજન્સીઓએ તેમાં નારાજગી દર્શાવી હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ અરજીના આધારે હાઈકોર્ટ દ્વારા મનપાના તંત્રવાહકો તેમજ સિક્યુરીટી એજન્સીઓને નોટિસ પાઠવી 7 એપ્રિલે હાજર રહેવા સૂચના આપવામાં આવતા વિવાદ લંબાયો છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

### દોરડા બાંધીને...

હોવાનું બહાર આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ, વલસાડના બે યુવાનોને ઓનલાઈન ગેમ રમવા માટે નવસારી બોલાવવામાં આવ્યા હતા. સીસોદ્રા સીમ વિસ્તારમાં રાત્રિના સમયે ગેમ ચાલી રહી હતી, જેમાં દિલશેર ઉર્ફે રાજુ મલ્લુખાન (ઉ.વ. 43, રહે. અલીગઢ, ઉત્તર પ્રદેશ) સતત જીતતા હતા. આ બાબતથી અસંતોષ પામેલા સ્થાનિક છ યુવાનોને શંકા થઈ કે દિલશેર ચીટિંગ કરી રહ્યો છે.

આ શંકા ટૂંક સમયમાં જ ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ અને આરોપીઓ મંથન બોરાડ, ભૌતિક પ્રજાપતિ, અશોક ઉર્ફે હસલો, જીગ્નેશ ઉર્ફે જીગો પટેલ, પ્રતિક ઉર્ફે કાતર હળપતિ અને કેવિન પટેલે ભેગા મળી દિલશેર અને તેના મિત્ર પર હુમલો કર્યો. દિલશેરને દોરડાથી બાંધી ઝાડ પર ઊંધો લટકાવી દેવાયો અને લાકડીઓ તથા બેલ્ટ વડે બેફામ માર મારવામાં આવ્યો. આ ક્રૂર હુમલામાં તે ગંભીર રીતે ઘાયલ થઈ બેભાન થઈ ગયો હતો.

મિત્ર દ્વારા તેને તરત સારવાર માટે નવસારી અને વલસાડની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યો, પરંતુ તમામ પ્રયાસો છતાં તેને બચાવી શકાયો નહોતો અને અંતે તેનું મોત થયું હતું. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને LCB એ ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ PI વી.જે. જાડેજા અને તેમની ટીમે અલગ-અલગ સ્ક્વોડ બનાવી તપાસ શરૂ કરી. ઘટના સ્થળ અને આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા આશરે 300 CCTV કેમેરાના ફૂટેજનું વિશ્લેષણ કરી ટેક્નિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે આરોપીઓની લોકેશન ટ્રેસ કરી માત્ર 24 કલાકમાં જ હાઈવે નંબર 48 નજીકથી તમામ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગુનાની કબૂલાત કરી હોવાનું પણ સામે આવ્યું છે. તમામ આરોપીઓને નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી કાનૂની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

### ડભોલીમાં પ્રેમ...

પોલીસે મૃતકોના મોબાઈલ ફોન કબજે કર્યા હતા. જેમાં બંનેના મોબાઈલ ફોનમાં પરિવારના સભ્યોના ૧૦-૧૫ મિસકોલ જોવા મળ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દંપતીએ એકબીજાના અંદરોઅંદર કોઈક બાબતે મનદુઃખ થતા આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા સેવાઈ રહી છે. સિંગણપોર પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ ચૌધરીએ જણાવ્યું હતું કે, હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી દંપતીના મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ કબજે કરી છે. બંનેના પરિવારજનોના નિવેદન લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### અમદાવાદના ચાંદખેડામાં...

જેના પગલે ડેરી સંચાલકોએ જણાવ્યું કે તે દિવસે લગભગ 80-90 કિલો ખીરું તૈયાર કરવામાં આવ્યું હતું અને અનેક ગ્રાહકોએ ખરીદ્યું હતું, પરંતુ અન્ય કોઈ ગ્રાહક તરફથી ફરિયાદ મળી નથી. સીસીટીવીના આધારે અન્ય ગ્રાહકોની પણ તપાસ કરવામાં આવી હતી, જેમાં કોઈને તકલીફ ન હોવાનું સામે આવ્યું છે.

આ ઘટના બાદ અમદાવાદ મનપાના ફૂડ વિભાગ અને પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. જ્યારે ફુડ વિભાગ દ્વારા ડેરીમાંથી ખીરાના નમૂનાઓ લેવામાં આવ્યા છે, પોલીસ દ્વારા આ ખીરાને એફએસએલ તપાસ માટે મોકલી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પેનલ પોસ્ટમોર્ટમ અને લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ બહાર આવશે. ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને તમામ સંભવિત એંગલથી કેસની તપાસ ચાલી રહી છે. હાલ સમગ્ર મામલો રહસ્યમય બન્યો છે. શું આ ફૂડ પોઈઝનિંગનો કેસ છે કે પાછળ કોઈ બીજું કારણ છે તે હજી સ્પષ્ટ થયું નથી. લેબોરેટરી રિપોર્ટ અને તપાસ પૂર્ણ થયા બાદ જ આ ઘટનાનો સાચો ભેદ ખુલશે.


**પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



નિખાલસતા ના ઝરણા સમું માનસ,
સર્વત્ર સુવાસ ફેલાવી જીવનમાં પરિશ્રમના
દિવસો વિતાવી, પરિવારને સુખની સાથે
જીવનની સાચી સમજ આપી. આપશ્રીના દિવ્ય
આત્માને શાશ્વત શાંતિ આપે તેવી
પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

સ્વ. જયવંતરાવ બજાજીરાવ શિંદે
સ્વ.તા.૦૭/૦૪/૨૦૨૧

લિ.
ગં.સ્વ. સંજીવની જયવંતરાવ શિંદે (પત્નિ)
મિતાલી યોગીતરાવ પાલાન્ડે (પુત્રી)
યોગીતરાવ શરદરાવ પાલાન્ડે (જમાઈ)
કશ્મીરા પ્રસાદરાવ મહાડિક (પુત્રી)
પ્રસાદરાવ રાજેન્દ્રરાવ મહાડિક (જમાઈ)